# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૮/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ / ૫૧૬ તા. 21 OCT 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
કૌશલ યોગેશભાઈ રાયચુરા
c/o. દક્ષ રિસોર્ટ
મું. હિરણ વેલ,તા. તાલાળા
જી. :ગીર સોમનાથ, પીનકોડ : ૩૬૨૧૫૦ મોબાઈલ : ૯૯૨૫૧૫૨૯૫૪

**વિષય :** ગ્રાહક નં.૮૧૪૪૦/૧૦૧૭૧/૦ બિલ નં.૫/૦૪૮૪ માં રકમ રૂ.૧૨૨૦૮૧.30 વધુ ઉધારવા બાબત.

**સંદર્ભ :** કૌશલ યોગેશભાઈ રાયચુરા ની રજુઆત તારીખ: ૦૧.૦૮.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૮/ક્વા-૦૨/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વેરાવળ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, તાલાળા

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908
21 OCT 2022
પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૫૧૬ તા..

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૮/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી કૌશલ યોગેશભાઈ રાયચુરા, ગામ – હિરણવેલ
સબડીવીઝન: તાલાળા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: બુધવાર (૨૮-૦૯-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૯-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ નાયબ ઇજનેરશ્રી ની કચેરી તાલાળા એ તા. ૧૦.૦૧.૨૦૨૨ ના રોજ લેખીત રજુઆત કરેલ.તેમ છતાં એ રજુઆત ને અવગણના કરી અમોને કોઈપણ જાતની જાણ કર્યા વગર રૂ. ૧૨૨૦૮૧.30/- નું બિલ ની રકમ અમારા બિલ નં. ૦/૦૪૮૪ માં તા. ૧૪/૦૭/૨૦૨૨ માં ઉધારી દીધેલ છે. જેની અમોને જાણ કરવામાં આવેલ નથી. અગાઉ પણ આવીજ રીતે બિલ બનાવતી વખતે વારંવાર ભૂલો કરવામાં આવે છે. ત્યારબાદ બિલ સુધારી આપે છે. તા. ૧૪/૦૭/૨૦૨૨ ના બિલ આવ્યા બાદ અમો રૂબરૂ રજુઆત કરેલ પણ તેમાં અમોને કોઈપણ

જાતનો સંતોષકારક જવાબ ન માલ્ટા અમોને ના છુટકે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરવા ફરજ પડેલ છે. તો આપને નમ્ર વિનતી કે યોગ્ય નિવારણ લાવવું.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે ગ્રા.નં ૮૧૪૪૦/૧૦૧૭૧/૦ નામ કૌશલ વાય રાયચૂરા કેટેગરી (LTMD વાણીજય હેતુ),હીરણવેલ ગામે કનેશન ધરાવો છો. આપ સદર સોલાર કનેશન માર્ચ ૨૦૨૧ ના રોજ મીટર ચેન્જ થતાં સોલાર કનેકશન રીડીંગ માટે,માર્ચ-૨૦૨૧ થી જુલાઇ -૨૦૨૧ સુધીના વિજ મીટર માં આવતા ઇમ્પોર્ટ રીડીંગ અને એક્સપોર્ટ સોલર ના રિડીંગ અરસ પરસ લેવાયેલ હોય જેના લીધે આપના બિલમાં ખોટી રકમ જમા થયેલ જે તાલાળા પેટાવિભાગીય કચેરીની ધ્યાને આવતા આ રિડીંગ ભૂલને સુધારી ને કંપનીના નિયમ મુજબ માર્ચ -૨૧ થી જુલાઇ-૨૧ સુધી નું બિલ રકમ રૂ. ૧૨૨૦૮૧.૩૦ આપને દિન ૦૭ (સાત)માં ભરપાઈ કરવાનું થાય છે. જે અંગે વિગત વાર માહિતી અરજદારશ્રી ને તાલાળાં પેટાવિભાગીય કચેરી મારફત ટેલીફોનીક તેમજ લેખીત પત્ર થી આપેલ છે.જે અરજદાર શ્રી દ્વારા આજ દિન સુધીમાં ભરપાઈ કરેલ નથી.

3.૧ વધુ માં આપને તાલાળા પેટા વિભાગીય કચેરી દ્વારા રૂબરૂ મળવા બોલાવેલ તમને સોલાર વીજ મીટર ના ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ સોલાર રિડીંગ ઊંડાણ પૂર્વક સમજાવેલ અને તમોને માગેલ બિલો ની પ્રીન્ટ પણ આપેલ તેમજ રૂબરૂ જણાવેલ અને તમારા દ્વારા સ્વીકારેલ અને આપે જણાવેલ કે હું મારા રજીસ્ટર માં તપાસ કરીને કહીશ તેવું તાલાળા પેટા વિભાગીય કચેરી પત્ર થી જાણ કરેલ છે. તો આપને સદર બીલ ની રકમ કંપનીના નિયમ મુજબ ભરવા પાત્ર થાય છે, જે વહેલી તકે ભરપાઈ કરી આપશો.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ને તાલાળા પેટા વિભાગીય કચેરી દ્વારા રૂબરૂ મળવા બોલાવેલ તેમને સોલાર વીજ મીટર ના ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ સોલાર રીડીંગ ઊંડાણ પૂર્વક સમજાવેલ અને અરજદારશ્રી ને માગેલ બિલો ની પ્રીન્ટ પણ આપેલ તેમજ રૂબરૂ જણાવેલ અને અરજદાર શ્રી દ્વારા સ્વીકારેલ અને તેઓએ જણાવેલ કે હું મારા રજીસ્ટર માં તપાસ કરીને કહીશ તેવું તાલાળા પેટા વિભાગીય કચેરી પત્ર થી જાણ કરેલ છે. તો આપને સદર બીલ ની રકમ કંપનીના નિયમ મુજબ ભરવા પાત્ર થાય છે, જે વહેલી તકે ભરપાઈ કરી આપવા જણાવેલ છે.

૪.૨ સદર અરજદાર શ્રી નું સોલાર મીટર તા. ૧૬.03.૨૧ થી લગાવવામાં આવેલ છે. ત્યાર થી મીટર રીડર દ્વારા ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ સોલાર રીડિંગ લેવામાં ભુલ કરવામાં આવેલ છે. જે બાબત યોગ્ય જણાય છે. જેથી કરીને અરજદાર શ્રી ને આપવામાં આવેલ બિલ યોગ્ય છે. અને તે બિલ બે હપ્તા દ્વારા અરજદાર પાસે થી વસૂલાત કરવી અને તેના પર કોઈપણ જાતનો વિલંબિત ચાર્જ ન લેવો અને આ હપ્તા ની રકમ હુકમ મળ્યેથી મંથલી બિલ સાથે અરજદાર શ્રી એ ભરપાઈ કરવાની રહેશે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧